| PUBLICATION NAME : | Akila |
|---|---|
| EDITION : | Rajkot |
| DATE : | 24/04/2023 |
| PAGE : | 2 |

# આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા પ્રોગ્રામ્સ લોન્ચ

(કેતન ખત્રી) અમદાવાદ: ઈડીઆઈઈ તરીકે જાણીતી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની સ્થાપના રાષ્ટ્રીય સ્તરની નાણાંકીય સંસ્થાઓ જેમ કે આઈડીબીઆઈ બેંક લિમિટેડ, આઈએફસીઆઈ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ લિમિટેડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના સમર્થન સાથે ૧૯૮૩માં નેશનલ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટ તરીકે કરવામાં આવી હતી.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સના વિચાર સાથે ઈડીઆઈઆઈની શરૂઆત થઈ અને પછીથી તેમની પરિણામલક્ષીતા ચકાસવા માટે આ પ્રોગ્રામ્સ લોન્ચ કર્યા. આના પગલે વધુ ફાઈન ટ્યુનિંગ થયું અને ઈડીઆઈઆઈ-ઈડીપી મોડલ તરીકે જાણીતું ન્યૂ એન્ટરપ્રાઈઝ ક્રિએશન માટે ટ્રેનિંગ મોડલ બહાર આવ્યું. નવા ઔદ્યોગિક એકમો બનાવવાના પ્રયાસોથી લઈને ઈડીઆઈઆઈની વ્યૂહરચના ધીમે ધીમે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરી છે જેમાં નીતિની હિમાયત, ઉદ્યોગસાહસિકતા શિક્ષણ, ક્લસ્ટર વિકાસ, બિઝનેસ ડેવલપમેન્ટ સર્વિ સીઝ, સૂક્ષ્મ અને નાના એકમોનો વિકાસ, સીએસઆર પ્રોજેક્ટ અમલીકરણ અને સંસ્થા નિર્માણના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા હોવાનું યાદીમાં જણાવાયુ છે.(૪૦.૨)